**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૫ ટકા

# શહેરમાં દિવાળી પર્વોની ઉલ્લાસપૂર્ણ ઉજવણી






ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં દિવાળી પર્વોની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી અને શહેરીજનોએ તમામ પર્વોને પોતાની આગવી રીતે ઉજવ્યા હતા. શહેરમાં દિવાળી પર્વોની ઉજવણી સાથે સાથે પ્રવાસીઓનો ધસારો પણ નોંધપાત્ર જોવા મળ્યો હતો અને બજારોમાં પણ તહવારોની રોનકે વેપારીઓના ચહેરાં પર 'સ્મિત'ના દિવા ઝગમગતા કરી દીધા હતા. આ સાથે શહેરીજનોએ મનભરીને આતશબાજી સહિત ફટાકડાં ફોડવાનો આનંદ પણ માણ્યો હતો.

ધનતેરસથી પ્રારંભ થયેલા દિવાળીના પર્વોએ શહેરમાં ખાસ્સી એવી ચહલ પહલ જોવા મળી હતી અને ધનતેરસે ઠેર ઠેર લક્ષ્મીપૂજનના ઉજાસ સાથે બજારમાં વ્યાપક ઘરાકીથી તેજી જોવા મળી હતી. આ પવિત્ર દિવસે શહેરીજનોએ સોના ચાંદીના ઘરેણાંથી માંડીને વાહનો અને ઘરગથ્થું વપરાશના ઉપકરણો સહિત મોબાઈલ કપડા વગેરેની ખરીદી કરી હતી. કાળી ચૌદશના પર્વે શહેરીજનોએ પરંપરાગત રીતે 'કકળાટ' કાઢવાની રસમને નિભાવવા ઉપરાંત હનુમાજીના દર્શન-આરતીનો લ્હાવો પણ માણ્યો હતો. સાથે સાથે શહેરીજનોએ દાળવડા ભજીયાની જયાફત પણ માણી હતી. દિવાળીના દિવસથી શહેરમાં રોશનીનો ઝમગમાટ બમણો જોવા મળ્યો હતો. અને શહેરમાં જાહેર સ્થળો, વ્યાપારિક સંકુલો, સહકારી તથા સામાજિક સંકુલો વગેરેને રોશનીથી શણગારવા ઉપરાંત રહીશોએ પોતાના વ્યવસાયિક એકમો અને રહેણાંક મકાનો પર એવી રંગબેરંગી લાઈટીંગ કરી હતી. આ પવિત્ર દિવસે શહેરમાં 'શારદાપૂજન' શ્રધ્ધાપૂર્વક ઉજવાયું હતું અને સુપ્રિમ કોર્ટના આદેશનો અવગણીનો શહેરીજનોએ રાતભર ફટાકડા ફોડવાનો અને આતશબાજી કરવાનો આનંદ ઉઠાવ્યો હતો. નૂતન વર્ષે સવારથી શહેરના મંદિરોમાં દર્શનાર્થીઓની લાઈનો લાગી હતી અને શહેરીજનોએ પોતાના પરિવારજનો-સ્નેહીજનો મિત્રો-સગા સંબંધીઓને ગળે મળીને, ફોન પર કે મેસેજ દ્વારા નવા વર્ષના અભિનંદન પાઠવ્યા હતા આ સાથે એકબીજાનું મ્હો મીઠું કરાવાયું હતું અને આ સીલસીલો હજુ પણ અવિરત ચાલુ છે. શહેરમાં ભાઈ બીજના પર્વની પણ હેતપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આમ ગાંધીનગરમાં તમામ દિવાળી પર્વો ખૂબ જ આનંદ ઉલ્લાસ પૂર્વક ઉજવાતા જોવા મળ્યા હતા.

# દિવાળીમાં અક્ષરધામની મુલાકાતે સેંકડો યાત્રાળુઓ







ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર શહેરના પ્રસિધ્ધ યાત્રાધામ અક્ષરધામ મંદિરની દિવાળીના દિવસોમાં સેંકડો યાત્રાળુઓએ મુલાકાત લીધી છે. અક્ષરધામ મંદિર વિશ્વ પ્રસિધ્ધ હોવાથી દિવાળીના દિવસોમાં મુલાકાતીઓનો ભારે ધસારો રહે છે. રોજના હજ્જારો મુલાકાતીઓ ભગવાન સ્વામીનારાયણના દર્શન કરી ધન્યતા અનુભવી છે, તો બીજી તરફ દિવાળીથી લાભપાંચમ સુધી રાત્રીના સમયે હજ્જારો દિવડાથી ઝળહળતું અક્ષરધામ મંદિર નિહાળવાનો નજારો કંઈક અલગ હોય છે. જેથી અક્ષરધામ મંદિરમાં દિવાળી થી લાભ પાંચમ સુધી રાત્રીના સમયે ખાસ મુલાકાતીઓનો પ્રવાહ વધુ રહે છે. મુલાકાતીઓનો પ્રવાહ બમણો રહેતો હોવાથી પાર્કીંગમાં પણ વાહનનો ખડકલો જોવા મળે છે તો મુલાકાતીઓને પગલે નાના વેપારીઓને પણ વેપાર ધંધામાં તેજી જોવા મળે છે.

સુપ્રસિધ્ધ અક્ષરધામ મંદિરનો પગલે દેશ અનો દુનિયાના નકશામાં ગાંધીનગરનું આગવું સ્થાન છે. અક્ષરધામ મંદિરને નિહાળવા માટે સામાન્ય દિવસોમાં પણ રોજના હજ્જારો મુલાકાતીઓ આવે છે. શહેરના પર્યટન સ્થળ તરીકે અક્ષરધામ મંદિરનો વિકાસ થયો છે. ત્યારે મંદિર પરિવાર દ્વારા દિવાળીથી લાભ પાંચમ સુધી ખાસ મંદિરને હજ્જારો દિવડાઓથી સુશોભિત કરવામાં આવે છે. આ રોશનીનો નજારો અદ્‌ભુત હોય છે, જે જોવા માટે હજ્જારો ભકતો દુર દુરથી શહેરમાં આવે છે. જયારે દિવાળીના દિવસોમાં અક્ષરધામ મંદિરમાં મુલાકાતીઓની સંખ્યામાં બમણો વધારો થાય છે. રાજયના છેવાડાના ગામથી લઈનો રોજના હજ્જારો મુલાકાતીઓ અક્ષરધામની મુલાકાત કરે છે. અક્ષરધામ આસપાસનો વિસ્તાર પાર્કીંગ પેલેસમાં ફેરવાઈ જાય છે. પ્રદર્શન નિહાળવા માટે ભકતોની લાંબી કતારો જોવા મળે છે. મુલાકાતીઓને પગલે અક્ષરધામ આસપાસના વેપારીઓના વેપાર ધંધામાં પણ તેજી જોવા મળે છે. શહેરના અક્ષરધામમાં શ્રધ્ધાળુઓના વિશેષ આગમનને પગલે શહેરમાં પણ અનોખો માહોલ સર્જાય છે.

## @ગાંધીનગર

● વરિયા પ્રજાપતિ સમાજની વાડી સે-૨૮ ખાતે શિવકથાનો પ્રારંભ પ.પૂ.શ્રી ગિરિબાપુના સ્વમુખે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન. આ શિવકથાની પોથીયાત્રા સવારે ૭.૩૦ કલાકે સે-૨૭ બ્લોક નં. ૭૯૭થી નીકળી ૮.૩૦ કલાકે ચોવીસી વરિયા પ્રજાપતિ સમાજની વાડી ખાતે પહોંચશે.

## ચિરવિદાય

- સ્વ. દરબાર કરણસિંહ ગીરવતસિંહ, ઉ.વ. ૭૧
- સ્વ. પટેલ ચંચળબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૭
- સ્વ. મંજુલાબેન સુમનલાલ જાની, ઉ.વ. ૭૫
- સ્વ. ઠાકર ભદ્રાબેન રજનીકાન્ત, ઉ.વ. ૭૮

# હેડ કોન્સ્ટેબલ પર વાહન ચઢાવીને મારી નાંખવાનો પ્રયાસ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરનાં માર્ગો પર મોટા વાહનોનાં ચાલકોની બેદરકારીના કારણે અકસ્માતો સતત વધી રહ્યા છે. અકસ્માત સર્જનાર વાહન ચાલકોને ઠપકો આપે તો તે ઝઘડા પર ઉતરી આવતા હોય છે. આવી જ વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે. ઘ-પ સર્કલ પાસે ટાટા ૭૦૯નાં ચાલકે ગાડી ચલાવીને બાળકો સાથે બાઈક પર જતા પરીવારને પછાડી દેતા હેડ કોન્સ્ટેબલે ઠપકો આપતા ચાલકે તેમનો પીછો કરીને કચડીને જાનથી મારી નાંખવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાયો છે. પોલીસે આરોપી ગાડી ચાલકની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને સેકટર ૨૨માં રહેતા જયદીપસિંહ દલપતસિંહ વાઘેલાએ સેકટર-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ પ્રમાણે ભાઈબીજે બપોરે પોલીસ સ્ટેશનથી ફરજ પુરી કરીને બાઈક લઈને ઘરે આવી રહ્યા હતા. ત્યારે ઘ-પ સર્કલ પાસે એક ટાટા ૭૦૯નાં ચાલકે પોતાનું વાહન બેફામ ચલાવીને ઘ-પ સર્કલ પાસે જોખમી રીતે ટર્નીંગ કટ મારતા ૧૭/૨૨ તરફથી બાળકો સાથે બાઈક પર આવી રહેલો પરીવાર રોડ પર ફંગોળાઈ ગયો હતો. જયદીપસિંહ પણ ઉભા રહ્યા હતા અને વાહન ચાલક પણ ઉભો રહ્યો હતો. જયદીપસિંહે નાના વાહનોને પ્રાયોરીટી આપવા અને વાહન સાવચેતીથી ચલાવવા કહેતા ડાલાનો ચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને છાનામાના નિકળી જવા કહી દીધુ હતુ. જયદીપસિંહ બાઈક લઈને નિકળતા ડાલાનો ચાલક પાછળ ઝઘડો કરવા આવ્યો હતો અને જયદિપસિંહે સમજાવીને વાત પુરી કરવા કહીને ટ્રાફિક ન કરવા કહ્યુ હતુ. ત્યારે વાહન ચાલક વધારે ઉશ્કેરાઈ ગયો હતો અને વાહનને જયદિપસિંહનાં બાઈક પાસે લાવીને ટક્કર મારી તો અહી જ પુરી થઈ જઈશની ધમકી આપીને ઝઘડો કર્યો હતો. જયદીપસિંહે ઝઘડો ન કરતા ચાલ્યા જવાનું કહેતા વધારે ઉશ્કેરાયેલા ટાટા ચાલકે જયદિપસિંહનાં બાઈક પર ડાલુ ચડાવીને જાનથી મારી નાંખવાનો પ્રયાસ કરતા જયદીપસિંહે બાઈકને સાઈડમાં લેતા ડાલુ બાઈકને અથડાતા જયદીપસિંહને ઈજાઓ પહોચી હતી. ડીવાઈડરનાં કારણે ડાલુ જયદીપસિંહની બાઈક સુધી પહોચી શકે તેમ ન હોવાથી ગાડીમાંથી ધોકો લઈને મારવા આવ્યો હતો. જયદીપસિંહે કહ્યુ હતુ કે હું પોલીસમાં હોવાથી વાહન યોગ્ય રીતે ચલાવવા સલાહ આપી હતી. તેમ છતાં આ શખ્સ મારવા ધસી આવતા આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને વચ્ચે પડ્યા હતા. પોલીસ કંટ્રોલમાં ફોન કરતા સેકટર-૨૧ પોલીસે દોડી આવીને રણજીત બચુભાઈ રાવળ (રહે જુનો રાવળવાસ, રાંધેજા)ની ધરપકડ કરી હતી. જયારે ડાલાનો કલીનર ગાયબ થઈ ગયો હતો. જયદિપસિંહે આરોપી રણજીતસિંહ સામે પીછો કરીને વાહનથી કચડીને જાનથી મારી નાંખવાનાં પ્રયાસની ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્વચ્છ શૌચાલયની સુવિધા માંગવાનો 'નૂતન' સંકલ્પ કયારે કરીશું??

## માત્ર સરકારે બનાવેલા જાહેર શૌચાલયો જ નહી પરંતુ શોપીંગ મોલ કે કોમ્પલેક્ષ, શાળા કે હોસ્પિટલ, મંદિર કે હોટેલ્સ તમામ સ્થળે સ્વચ્છ શૌચાલય મેળવવાના નાગરિક અધિકારની હકકથી માંગણી કરવી જરુરી

ગાંધીનગર, તા.૧૧

દિવાળી પર્વની ઝાકમઝોળ બાદ વિક્રમ સંવતના નૂતનવર્ષનો મંગલમય પ્રારંભ થઈ ચુકયો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીની રજાઓમાં બહારગામ ફરવા જવામાં ફરીવાર ગુજરાતીઓ મોખરે રહ્યા છે અને ગુજરાત સહિત અન્ય રાજયોના યાત્રાધામો તથા પર્યટન સ્થળો પ્રવાસીઓની ભીડથી ઊભરાયા છે. પ્રવાસમાં ખાવા પીવાથી માંડીને નાની-મોટી તમામ સુવિધાઓમાં પસંદગીનું આગવું વલણ ધરાવતા ગુજરાતીઓને સૌથી વધુ બાંધછોડ કરવાની નોબત આવે છે તો તે જાહેર સ્થળોએ મળતી શૌચાલયની સ્વચ્છતા બાબતે છે. આમ છતાં આ બાબતે ફરિયાદ ઓછી કરવાનું આશ્ચર્યજનક વલણ જોવા મળે છે એટલું જ નહી પરંતુ આ સ્થિતિમાંથી પદાર્થ પાઠ મેળવી પોતાના ગામના શહેરના કે કોમ્પ્લેક્ષ અથવા કાર્યસ્થળના શૌચાલયની સ્વચ્છતા સુધારવા અંગે તકેદારી લેવાનું પણ આપણે શીખતા નથી.




સમગ્ર ભારતમાં જાહેર શૌચાલય કે પેશાબઘરની સ્વચ્છતા બાબતે 'ચલાવી લેવાની' નીતિ જોવા મળે છે અને આ કારણે જાહેર શૌચાલયોના નિર્માણથી માંડીને તેના નિભાવ અંગે અધધ... ખર્ચ કરવા છતાં તે પાણીમાં જ જાય છે આખા દેશની વાત પછી કયારેક કરીશું પણ ગુજરાત જેવા 'વિકસિત' કહેવાતા રાજયમાં પણ આ બાબતે 'પછાતપણું' ઉડીને આંખે વળગે તેવું જોવા મળે છે. ગુજરાતીઓ જયારે પણ 'બહારગામ' ફરવા જાય છે ત્યારે રોકાણ માટે હોટેલ કે ધર્મશાળાનો રૂમ તપાસતી વખતે તેના ટોયલેટસની સાફ સફાઈ બરાબર છે કે નહીં તે ચકાસી જુએ છે પરંતુ તે જ પ્રવાસી જયારે રેલ્વેમાં સફર કરતી વખતે અથવા રેલ્વે સ્ટેશન કે બસ સ્ટેશન પર ટોયલેટસનો ઉપયોગ કરતી વખતે તેની અસ્વચ્છતા સ્વીકારી લે છે અને ફરિયાદ કરવાનું ટાળે છે. માત્ર રેલ્વે સ્ટેશન કે બસ સ્ટેશન જ નહી પરંતુ રોજીંદા જીવનમાં પોતાની આસપાસના જાહેર શૌચાલય અંગે આ જ વલણ જોવા મળે છે. જાહેર શૌચાલય એટલે માત્ર નગરપાલિકા કે મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા અન્ય સરકારી તંત્ર દ્વારા જ નિર્મિત શૌચાલયની વાત નથી પરંતુ પોતાના વ્હાલસોયાં સંતાનો જે મોંઘીદાટ ફી ભરીને અભ્યાસ મેળવે છે તે શાળા કોલેજના શૈક્ષણિક સંકુલોથી માંડીને હોસ્પિટલ, શોપીંગ કોમ્પ્લેક્ષ, પેટ્રોલ પંપો, સભાગૃહો, સિનેમાઘરો, હોટેલ, રેસ્ટોરન્ટસ, સ્પોર્ટસ કે અન્ય એકેડેમીઝ, બેંકો, શોપીંગ મોલ્સ, પાર્ટી પ્લોટસ, મંદિરો, આધ્યાત્મિક કેન્દ્રો, ધાર્મિક સ્થળો, સરકારી એકમો વગેરે સહિત લગભગ તમામ સ્થળોનો તેમાં સમાવેશ થાય છે. ઉપરોકત જણાવેલ તથા




કદાચ તેમાં રહી ગયેલ સ્થળોના નિર્માણમાં કાયદાનુસાર પાયાની સુવિધા તરીકે સ્વચ્છ ટોયલેટસ આપવાની પ્રાથમિક શરત હોય છે આમ છતાં તેના નિર્માણકારોથી માંડીને નિભાવકારો સુધી અને વપરાશકારો દ્વારા પણ આ બાબતે જોવા મળતી 'બેદરકારી' સરવાળે જાહેર સ્વાસ્થ્ય સાથે જાહેર માનસિકતા પર પણ એટલી ગંભીર અસરો પેદા કરે છે.

ભારત સરકાર દ્વારા ખૂબ જોર શોરથી સ્વચ્છતા અભિયાન અંતર્ગત ઘર ઘર શૌચાલયના નિર્માણનું બીડું ઝડપવામાં આવ્યું છે જે આવકારદાયક બાબત છે પરંતુ આ સાથે સરકારી તંત્ર દ્વારા નિર્મિત જાહેર શૌચાલય કે પેશાબઘરોની સ્વચ્છતા બાબતે અસરકારક પગલાં 'જે માત્ર કાગળ પર જ દેખાય તેવા' નહી પરંતુ વાસ્તવિકતા બને તેની અત્યંત જરૂર છે. આ સાથે જનતાએ પણ આ સ્થળોનો યોગ્ય રીતે ઉપયોગ કરી તેની સ્વચ્છતા તેમજ તેનું ટકાઉપણું જળવાય તે જોવાની ફરજ છે. માત્ર સરકારી તંત્ર દ્વારા જ નિર્મિત નહીં પરંતુ અગાઉ જણાવ્યા તેવા સામાજિક એકમો, શાળાઓ-હોસ્પિટલ કે શોપીંગ કોમ્પ્લેક્ષ-મોલમાં જેટલી બેદરકારી પાર્કિંગ વ્યવસ્થા બાબતે જોવા મળે છે તેનાથી પણ વધુ બેદરકારી કદાચ ત્યાં ફરજિયાતપણે પુરી પાડવાની શૌચાલય સુવિધાની સ્વચ્છતા બાબતે જોવા મળે છે. મોટા ભાગના ટોયલેટસ કે યુરિનલ્સ તુટેલા હોય કે તેને સ્વચ્છ રાખવા જરુરી પાણીના નળ તુટેલાં હોય, યુરિનલ્સમાં પાન મસાલાના પડિકાથી માંડીને ચોતરફ પાન મસાલા ખાઈને મારેલી પિચકારીઓની રંગોળી હોય, સતત વહેતાં રહેતા અથવા પાણી જ ના આવતું હોય તેવા નળ હોય, શૌચાલય યુનિટના દરવાજા તુટેલાં હોય, હાથ ધોવાના વૉશ બેઝીનમાં પાણી જ ના આવતું હોય કે બેઝીનની પાઈપ જ ગાયબ હોય, યુરિન્લસની પાઈપ તુટેલી હોય તેમજ અત્યંત દુર્ગંધ આવતી હોય તેવી પરિસ્થિતિ સામાન્યપણે જોવા મળે છે. ટૉયલેટસમાં તો પાણીની ડૉલ કે ટમ્બ્લર ગાયબ હોય જ પરંતુ ચિક્કાર ભરેલ ટોયલેટસની નજીક પણ જઈ શકાય તેવું હોતું નથી. અને આમ છતાં આ બાબતે કોઈ ફરિયાદ કરવાની કે જે તે એકમના સંચાલકો તેમની બેઠકમાં ચર્ચા કરવા સુધ્ધાંની તસ્દી લેતા નથી.

હવે તો બાયો ટોયલેટસની કે પાણીની પણ જરૂર ના પડે તેવા યુરિનલ્સનો જમાનો આવતો જાય છે ત્યારે સરકારી તંત્રએ તાજેતરમાં જેમ ટ્રાફીક, પાર્કિંગ અને ગેરકાયદેસર દબાણો પરત્વે જે લાલ આંખ કરી દેખાડી છે તેવી જ લાલ આંખ આ સુવિધા પુરી પાડવામાં બેદરકારી દાખવનારાઓ પ્રત્યે કરવાની તાતી જરૂર જણાય છે અને તંત્રને આ બાબતે માહિતગાર કરવા અવાજ ઉઠાવવાની એટલે કે ફરિયાદ કરવાની 'ટેવ' પાડવી પડશે. આ માટે નૂતન વર્ષે ગંદા ટોયલેટસના ફોટો પણ શે'ર કરવાનું પ્રારંભ કરો જે સરવાળે તમારા અને તમારા પરિવાર સહિત તમામના સ્વાસ્થ્ય માટે હિતકારી બને.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com